થરાદના રાહ ગામે સરકારી દવાખાનામાં ડોક્ટર હાજર ન રહેતા લોકો ત્રાહિમામ

થરાદ તાલુકા ના રાહ ગામના સરકારી દવાખાના ડોક્ટર ન હોવાના લીધે લોકો ને ખુબજ મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે તંત્ર લોકો ને ડોક્ટર મુકવાના ખોટા વાયદા આપી રહી છે. થરાદ તાલુકા ના રાહ ગામે તંત્ર ધ્વરા લખો રૂપિયા ખર્ચી સરકારી દવાખાનું બનાવ્યું છે પરંતુ આ સરકારી દવાખાનું આજે શોભન ગાંઠિયા સમાન ભાસી રહ્યું છે કારણકે આ દવાખાના માં ડોક્ટર નથી. જ્યારથી દવાખાનું ત્યારથી ડોક્ટર અને સ્ટાફ ની ઘટ તો હતી જ પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી ડોક્ટર ન આવતા લોકો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે બીમાર લોકો સારવાર માટે દવાખાને આવે ત્યારે લોકો ને ખોટા દિલાશા આપવામાં આવે છે કે બેશો ડોક્ટર આવે છે પરંતુ લોકો કલાકો સીધી રાજ જુએ છે છતાં કોઈજ ડોક્ટર નથી આવતા અને આખરે લોકોને કંટાળી ને ખાનગી દવાખાને જવું પેડ છે જયારે કોઈ ઈમર્જન્સી દર્દી આવે ત્યારે પણ ડોક્ટર હાજર જોવા મળતા નથી લોકો ને હેરાન થવું પડે છે અને આખરે ધાનેરા કે થરાદ ની ખાનગી હોસ્પિટલ માં જવું પડે છે અથવા દર્દી ને જીવ ગુમાવવો પડે છે. ગુજરાત ની સરકાર મોટી મોટી વાતો કરી રહી છે અમે એટલો વિકાશ કર્યો અને તેટલો વિકાશ કર્યો અમે સરકારી શાળાઓ અને સરકારી હોસ્પિટલો બનાવી પરંતુ સરકારી હોસ્પિટલ અને સરકારી શાળામાં હંમેશા સ્ટાફ ની ઘાટ જ જોવા મળી રહી છે ત્યારે આ દ્રશ્યો જ સરકાર ના વિકાશ ની પોલ ખોલી રહ્યા છે.

રાજયમાં ૧૮૧ મહિલા હેલ્પ લાઈનના ૩ વર્ષ સફળતાના પૂર્ણ

ગાંધીનગરમાં ૧૮૧ને ૬૦૮૫ કોલ મળ્યા, જેમાં મદદ માટે રેસ્કયુ વાન ૧૧૯૩ કેસમાં મોકલી આપી

ગાંધીનગર, તા.૭

મહિલાઓને ઘરેલું હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલીક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે ૧૮૧ હેલ્પલાઈનની સુવિધા ઉપલબ્ધની જરુરીયાત જણાતા રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજય મહિલા આયોગ અને જીવીકે ઈએમઆરઈ દ્વારા સંકલિત રીતે ૧૮૧ મહિલા હેલ્પલાઈનનું અમલીકરણ કરવામાં આવ્યું હતું. આ અભયમ મહિલા હેલ્પ લાઈનને સફળતાના ૩ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ મહિલા હેલ્પ લાઈનને ગાંધીનગરમાં ૬૦૮૫ કોલ મળ્યા હતા જેમાં ૧૧૯૩ કેસમાં રેસ્કયુ વાન મદદ માટે મોકલી આપી હતી. જયારે સમગ્ર રાજયમાં મહિલા હેલ્પ લાઈનને સૌથી વધુ કેસ ઘરેલુ હિંસાના મળ્યા છે.

૧૮૧ મહિલા હેલ્પ લાઈનની વિશ્વનિયતા તેમજ વિવિધ સરકારી સુદ્રઢ માળખા સાથે જોડાણના કારણે મહિલાઓને ત્વરીત પ્રતિસાદ મળતો હોવાથી તમામ જિલ્લાઓમાં મુશ્કેલીના સમયે મહિલાઓ દ્વારા આ હેલ્પલાઈનની મદદ લેવાઈ રહી છે. રાજયવ્યાપી વિસ્તરણ બાદ માત્ર ૩ વર્ષના ટુંકા ગાળામાં જ ૩૫ લાખ કરતા વધારે કોલ મળ્યા હતા. જે પૈકી ૩,૪૮,૭૫૨ કરતા વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ-બચાવ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૭૨,૧૦૦ જેટલી મહિલાઓને તાલીમ બધ્ધ કાઉન્સેલર દ્વારા સ્થળ પર જઈને પરામર્શ કરીને મદદ પહોંચાડી છે. રાજયના તમામ જિલ્લામાં કુલ મળીને ૪૫ વાન તાલીમ પામેલ કાઉન્સેલર અને મહિલા કોન્સ્ટેબલ સાથે ૨૪ કલાક ટીમ કાર્યરત રહે છે. ૧૮૧ ટીમે અનેક મહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે. આ હેલ્પ લાઈન રાજય સરકાર દ્વારા મહિલા સશકિતકરણના ક્ષેત્રમાં એક ખુબ મહત્વની સેવા તરીકે સાબિત થઈ છે. સમગ્ર દેશમાં એક અભિનવ હેલ્પલાઈન તરીકે કાર્ય કરી મહિલા સશકિતકરણની દિશામાં ગુજરાતએ શ્રેષ્ઠ ગુણવત્તાનું આદર્શ રાજય બનવા પામ્યું છે.

પ્રાંતિજના જેસંગપુર પાટીયા પાસે બે કાર સામ સામે અથડાતા ત્રણને ગંભીર ઈજાઓ

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના જેસગપુરા પાટીયા પાસે બે કાર

સામસામે અથડાતાં કારમાં સવાર ત્રણને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના જેસગપુરા પાટીયા પાસે આજે સવારે અમદાવાદ તરફથી આવતી કાર- જીજે ૨૭.એએચ.૧૨૪૫ નો માલિક ફુલ ફાસ્ટ રીતે હંકારીને લાવી સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતાં રોડની વચ્ચે આવેલ ડીવાઈડર કુદીને રોંગસાઈડમા હિંમતનગર તરફથી આવતી કાર- જીજે૦૯.બીડી-૦૮૯૪ને સામેથી ટકકર મારતાંબન્ને કાર સામસામે અથડાતાં કારનો આગળનો ભાગ કુચડો થઈ ગયો હતો. અમદાવાદ તરફથી આવતાં કારમાં સવાર હિરેન મુકુદભાઈ શાહ ઉ.વર્ષ- ૪૨ તથા પિન્કી બેન હિરેન ભાઈ શાહ ઉ.વર્ષ- ૪૦ બન્ને રહે. અમદાવાદ તથા હિંમતનગર નગરથી આવતાં ભુપેન્દ્રભાઈ માનસીહ પટેલ ઉ.વર્ષ-૩૨ રહે. ઈડર ના ઓને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેવો ને ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં. અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતા તે પણ ઘટનાસ્થળે દોડી આવી ટ્રાફિક હળવો કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજના પીલુદ્રા પાસે કેનાલમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પિલુદ્રા પાસે આવેલ કેનાલમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે જઈ મૃતદેહને બહાર કઢાવી પી.એમ. અર્થે મોકલી આપવામાં આવી હતી.

પ્રાંતિજના પિલુદ્રા પાસે આવેલ કેનાલમાં કેનાલની જાળી પાસે મૃતદેહ જેવું દેખાતા ત્યાંથી પસાર થતાં લોકો એકઠાં થયાં હતાં અને કોઈએ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પી.આઈ. વી.આર. ચાવડા તેમની ટીમ સહિત કેનાલ પાસે દોડી આવ્યા હતાં અને સ્થાનિક તરવૈયાઓની મદતથી મૃતદેહને પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી. અંદાજે ૪૫ વર્ષનો મૃતક યુવાન કોણ છે અને ક્યાનો છે તેની ઓળખ થઈ નહતી. પોલીસ દ્વારા મૃતક યુવકને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી.એમ. અર્થે ખસેડવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા ગુનો નોંધી યુવકના પરિવાર સહિતની શોધખોળ હાથ ધરવામા આવી છે.

અરવલ્લી જીલ્લા સામ્યવાદી પક્ષ (માર્કસ્વાદી) પક્ષના કાર્યકર્તાઓએ ત્રિપુરામાં હુમલાને વખોડ્યો

ત્રિપુરામાં વિધાનસભાની ચૂંટણી યોજાયા બાદ ભાજપ પક્ષે ભવ્ય વિજય મેળવ્યા બાદ ત્રિપુરામાં ભાજપના કાર્યકર્તાઓએ આતંક મચાવી સીઈપીએમની ઓફિસોમાં તાડફોડ કરવાની સાથે કાર્યકર્તાઓ સાથે મારપીટ કરતા તેનો ઉગ્ર વિરોધ નોંધાવી અરવલ્લી જિલ્લાના સામ્યવાદીપક્ષના કાર્યકરોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ત્રિપુરામાં હુમલા અટકાવવા માટે રાષ્ટ્રપતિ પાસે ન્યાયની માંગ કરવાની સાથે આવેદનપત્ર રાષ્ટ્રપતિ સુધી પહોંચાડવા માંગ કરી હતી.

ગુજરાતી ફિલ્મો માટેના નિયમોમાં ફેરફાર કરવા સરકારને રજુઆત

ગુજરાતી ફિલ્મોનો ક્રેજ થોડા વર્ષોથી ખુબ વધી અને લોકોને મોહિત કરી રહ્યો છે. ત્યારે ગુજરાતી ચલચિત્રોમાં ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિમાં ફેરફારો કરવા માટે રાજયના મનોરંજન કર કમિશ્નરને વેસ્ટર્ન ઈન્ડિયા ફિલ્મ પ્રોડ્યુસર્સ એસોસીએશન દ્વારા રજુઆત કરવામાં આવી છે.

વેસ્ટર્ન ઈન્ડિયા ફિલ્મ પ્રોડ્યુસર્સ એસોસીએશન દ્વારા ગુજરાતી ચલચિત્રો ઉદ્યોગ માટે મનોરંજન કર કમિશનરને આ પ્રમાણે રજૂઆત કરવામાં આવી છે કે ફિલ્મની વેચાયેલી ટીકીટોની સંખ્યા પ્રમાણે ૨૦ ગુણાંક આપવાની પ્રવર્તમાન નિતીમાં જોગવાઈ છે પરંતુ પ્રોડ્યુશરને ડીજીટલ સુવિધા અમલમાં હોવાને કારણે વેચાયેલ ટીકીટોની ચોક્કસ સંખ્યા અંગે જોગવાઈ અનુસાર સર્ટીફિકેટ મળવું મુશ્કેલ છે. આ ઉપરાંત, બોક્ષ ઓફિસ પર સફળ નિવડેલ ફિલ્મો વાસ્તવમાં ઉચ્ચ ગુણવત્તાવાળી છે તેવું પણ માની શકાય નહી. જેમ કે, ફુંખ, કેરી ઓન કેસર વગેરે ફિલ્મો સામાજીક-સાંસ્કૃતિક અને ટેકનીકલ દૃષ્ટિએ ઉત્તમ હોવા છતાં બોક્ષ ઓફિસ પર જોઈએ તેવો પ્રતિસાદ સાંપડ્યો ન હતો. એસોસીએશન દ્વારા વધુમાં જણાવ્યુ હતુ કે મરાઠી ચલચિત્રોની સબસીડી પ્રક્રિયા મુજબ ગુજરાતી ફિલ્મ નિર્માતા સબસીડી માટેની તમામ વિગતો ભરી ફાઈલ રજુ કરે અને તે અંગેના પુરાવા માટે નિર્માતા એફીડેવીટ આપે તેને માન્ય રાખીને સરકારે તુરંત રૂ. પાંચ લાખની સબસીડી મંજુર કરી દેવી જોઈએ. આ ઉપરાંત, ગુજરાતી ચલચિત્રોને રજૂઆત માટે સિનેમાઘરો ગુજરાતી ચલચિત્રોને વર્ષના ૪૯ શૉ આપે તો જ એમનું લાયસન્સ રીન્યુ કરવુ તેવો નિયમ ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓના પ્રોત્સાહન માટે બનવો જોઈએ. વેસ્ટર્ન ઈન્ડિયા ફિલ્મ એસોસીએશન દ્વારા રજુ કરાયેલા પ્રશ્નોની રાજયના મનોરંજન કર કમિશ્નર દ્વારા સરકાર સામે રજુઆત કરવામાં આવે તેવી એસોસીએશનને માંગણી કરી છે.

મન અને પરિવારજનોનો સહકાર મહિલાઓના સશક્તિકરણ માટે ખુબ જ જરૂરી : નાસેહા વ્હોરા

સમગ્ર વિશ્વમાં ૮ માર્ચ મહિલા દિવસની ઉજવણી કરવા માટે વિવિધ કાર્યક્રમો અને સેમિનારનું આયોજન કરવામાં આવે છે. ભારત દેશ હજુ આધુનિકરણ તરફ હરણફાળ ભરી રહ્યું છે, બીજી બાજુ દેશમાં મહિલાઓ પર અત્યાચાર, બળાત્કાર અને સ્ત્રીભ્રુણ હત્યાની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. કેટલાક સમાજમાં હજુ પણ મહિલાઓને અભ્યાસ, રમત-ગમત અને અન્ય ક્ષેત્રે આગળ વધે તો તેમને સન્માનની નજરે જોવા માટે ટેવાયેલા નથી બીજી બાજુ મહિલાઓ અને યુવતીઓ ગૃહિણીથી માંડીને અવકાશયાત્રી સહિતના જીવનના દરેક ક્ષેત્રમાં કુનેહ, આવડત અને દ્રઢ મનોબળ વડે સ્ત્રી તરીકેની ઓળખ ભૂંસીને પુરૂષ સમોવડી બની સ્ત્રીતત્વની મહત્તા સિદ્ધ કરી છે.

મોડાસાના લઘુમતી સમાજમાં જન્મેલી અને

અર્થશાસ્ત્રમાં સ્નાતક અને એમબીએમાં ગોલ્ડ મેડાલીસ્ટ, એલ.એલ.બી અને આણંદ શહેરની વિદેશી બેંકમાં સર્વિસ મેનેજર તરીકે ફરજ બજાવતી અને સાહિત્યકાર તરીકે ખેડા અને આણંદ જીલ્લામાં જાણીતા મહિલા અગ્રણી નાસેહા કાંકરોલીયા (વ્હોરા) નામની યુવતી આજે મહિલા સશક્તિકરણ માટે અથાગ પ્રયત્નો કરી રહી છે. નાસેહા વ્હોરાએ ગાંધીનગર સમાચારના પ્રતિનિધિ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યસરકાર નારી સશક્તિકરણ માટે અથાગ પ્રયત્નો કરી રહી હોવાના દાવાઓ વચ્ચે મહિલાઓને મોટા ભાગના સમાજ અને પુરુષો હાલમાં પણ સન્માનની રીતે જોતા નથી. મહિલાઓનુ સાચા અર્થમાં સશક્તિકરણ કરવું હોય તો પરિવારજનો અને સાસરીયાઓના સહકાર અને સ્ત્રીઓ મનથી મક્કમ બને ત્યારે જ સાચા અર્થમાં મહિલા સશક્તિકરણ થયેલું ગણાશે અને એની પહેલ પણ સ્ત્રીઓએ પ્રથમ સ્ત્રીઓને સન્માન આપવાની જરૂર છે અને મહિલાઓ પ્રત્યે રોષપૂર્વક જણાવ્યું કે સ્ત્રી ભ્રુણ હત્યામાં મોટેભાગે ઘરની મહિલાઓ પણ સંતાન સુખમાં દીકરાની આશા રાખતી હોવાથી સ્ત્રી ભ્રુણ હત્યામાં મહત્વનો ભાગ ભજવતી હોય છે.

શેરીસા ખાતે આયુર્વેદ હોમિયોપેથી મેગાકેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા કલોલ તાલુકાના શેરીસા ખાતે આયુર્વેદ હોમિયોપેથી નિદાન સારવાર મેગાકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મેગા કેમ્પમાં આશરે ૧૦૩૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. તેમજ ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું.

મેગા કેમ્પમાં જાલંધર બંધથી વેદના અને રક્તસ્ત્રાવ રહિત હલતા દાંત પાડવાની ચિકિત્સામાં ૮૯, સાંધાના રોગોમાં અગ્નિકર્મ ચિકિત્સામાં ૧૨૪, મધુમેહના ૨૪૮ તથા સ્પૌલ્ય માટે પથ્યાપથ્યના ૩૫ દર્દીઓને સારવાર તથા વંધ્યત્વ માટે માર્ગદર્શન સહિત ચિકિત્સા, પથરી માટે હોમીયોપેથિક ચિકિત્સા તથા અન્ય સર્વ રોગો માટે આયુર્વેદ સારવાર આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રામા ઠાકોર, ઉપપ્રમુખ ભરત પટેલ, જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવના પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય શારદા મકવાણા, તાલુકા પંચાયત સદસ્ય ધુળાજી ઠાકોર, શેરીસાના સરપંચ મનુજી ઠાકોર તેમજ ઉપસરપંચ નટુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મેગાકેમ્પનું ઉદ્ઘાટન કર્યુ હતુ. આ ઉપરાંત, ઉપસ્થિત મહેમાનોએ ચિકિત્સા નિદર્શન કર્યુ હતુ. તેમજ પદ્ધતિથી મળેલ ત્વરિત પરિણામોથી પ્રભાવિત પણ થયા હતા.

સદરકેમ્પમાં ડૉ. પ્રગ્નેશ પટેલે અગ્નિકર્મ વિશેષજ્ઞ તરીકે તથા ડૉ. નીતિન નાયકે આયુર્વેદિક મેડિકલ ઓફિસર તરીકે સેવાઓ આપી હતી. આ ઉપરાંત ડૉ. ભાવેશ પટેલ, ડૉ. મમતા દેસાઈ, ડૉ. ભાવિકા પ્રજાપતિ, ડૉ. મયુર પટેલ, ડૉ. અંજુમ મુસાણીએ આયુર્વેદ નિષ્ણાંત તેમજ ડૉ. ઘનશ્યામ પ્રજાપતિ અને ડૉ. શકુરા મોજણીદારે હોમિયોપેથીક નિષ્ણાંત તરીકે સેવાઓ આપી હતી. મેગા કેમ્પમાં ૧૦૩૫ દર્દીઓએ સારવાર લીધી હતી. તેમજ ૧૨૬૦ નાગરિકોને રોગપ્રતિકારક શક્તિવર્ધક ઉકાળા વિતરણ કરવામાં આવ્યુ હતુ.

ભાજપમાંથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતો ચાલતી હતી. આને પગલે રાજ્યસભામાં દાવેદારી કરનારાઓ પણ હરકતમાં આવ્યા હતા અને દિલ્હી દોડ્યા હતા.

જો કે આજે કેન્દ્રીય મોવડીમંડળે બન્ને રાજ્યમંત્રીઓને પુનઃ ટિકિટ ફાળવવામાં આવી હોવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આ બન્ને ઉમેદવારો નવમીને શુક્રવારે અથવા ૧૨મીએ તેમની ઉમેદવારી નોંધાવશે.

ગુજરાતમાં ભાજપે સ્થાનિક ઉમેદવારોની પસંદગી કરી ગુજરાતની અસ્મિતાને મહત્વ આપ્યુ છે.

દરમ્યાન ભાજપના નિવૃત્ત થતા શંકરભાઈ વેગડે પ્રદેશ પ્રમુખને પત્ર લખી અને રાજ્યસભાની ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે.

સમર્થન જાહેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાઈ જશે તેવુ પણ કોંગ્રેસના વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ ભાજપે પણ આ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ઝુકાવવુ કે નહિ તે અંગે કોઈ ચોક્કસ નિર્ણય હજુ સુધી કર્યો નથી પરંતુ આગામી સપ્તાહના આરંભે પક્ષ તેનુ વલણ સ્પષ્ટ કરશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં કોંગ્રેસને ૧૮ બેઠકો ભાજપને ૧૫ અને ૩ બેઠકો અપક્ષને ફાળે ગઈ હતી. નવા સીમાંકનમાં પાંચ બેઠકો વધી હતી. જિલ્લાની સૌથી વધુ બેઠકો ધરાવતી આ તાલુકા પંચાયત છે.

ચોઘડીયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લોકાર્પણ માટે નાયબ મુખ્યમંત્રીના હસ્તે કરવા માટે માર્ગ મકાન વિભાગ ઉત્સુક છે. પરંતુ છેલ્લા ત્રણ મહીનાથી આવાસ યોજનાના ઉદઘાટનનુ ઠેકાણુ પડયુ નથી. સરકારી તંત્રને આ આવાસ યોજનાના લોકાર્પણનુ ચોઘડીયુ મળતુ નથી. બીજીતરફ સે-૩૦ માં નવા આવાસો પુર્ણ થતા હજુ પણ ૬ મહીનાનો સમય લાગે તેમ છે. ત્યારે ત્વરિત અસરથી નવા આવાસોનુ લોકાર્પણ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

મૂર્તિ પર મહાભારત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તોડવામાં આવી. મંગળવારના રોજ તામિલનાડુમાં પણ પેરિયારની મૂર્તિને નુકસાન પહોંચાડ્યું હતું.

ભાજપ કાર્યાલય ઉપર જ્યારે બોમ્બ ફેકવામાં આવ્યો ત્યારે ભાજપ કાર્યાલય બંધ હતું. ઘટનામાં કોઈ જાનહાની કે નુકસાન થયું નથી. જ્યારે આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. પેરિયાર એક સામાજિક કાર્યકર્તા હતા. ત્રિપુરામાં પણ લેનિનની મૂર્તિ તોડ્યા બાદ હવે ધીમેધીમેમૂર્તિ તોડવાના બનાવો વધવા લાગ્યા છે. પેરિયારે આત્મસન્માન માટે આંદોલન કર્યું હતું. બીજેપી નેતા એક રાજાએ ફેસબુકમાં પેરિયારને જાતીવાદી નેતા બતાવી તેમની પ્રતિમા નષ્ટ કરી દેવાની વાત કરી હતી. આ ઘટના બાદ ભાજપ નેતાએ ફેસબુક પોસ્ટ હટાવી દીધી છે. વિપક્ષે રાજાની ધરપકડની માગ કરી છે.

તમિલનાડુમાં સમાજ સેવક પેરિયારની પ્રતિમા ખંડિત કરવાનો પ્રયાસ કરવામાં આવતા ડીએમકે દ્વારા ચેન્નાઈમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. એચ રાજાએ પેરિયારની પ્રતિમા ખંડિત કરવા મામલે નિવેદન આપ્યા બાદ ડીએમકે આકરા પાણીએ છે. ડીએમકેના કાર્યકરોએ ચેન્નાઈમાં એચ રાજા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ કર્યો છે. ડીએમકેની માગ છે કે એચ રાજા વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. એચ રાજાએ એક ફેસબુક પોસ્ટ કરી હતી જે બાદ પેરિયારની પ્રતિમાને ખંડિત કરવાનો પ્રયાસ કરવાની ઘટના બની હોવાના તથ્યમાં સામે આવી છે. ત્યારે પોલીસે આ મામલે બે શખ્સની અટકાયત પણ કરી છે.

મૂર્તિ તોડવાની આગ હવે છેક ઉત્તર પ્રદેશ સુધી પહોંચી ગઈ છે. જ્યાં પશ્ચિમ ઉત્તર પ્રદેશના મેરઠના મવાના વિસ્તારમાં બી.આર.આંબેડકરની મૂર્તિ તોડી પાડવામાં આવી છે.

મેરઠમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા મોડી રાત્રે આંબેડકરની મૂર્તિ તોડવામાં આવી છે. જે પછી તે વિસ્તારના લોકો દ્વારા ભારે ધમાલ કરવામાં આવી રહી છે અને તેમને મૂર્તિ બદલવાની માંગણી કરી છે. જે પછી અજાણ્યા લોકો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને મૂર્તિ બદલવાનું પણ આશ્વાસન આપવામાં આવ્યું છે.

હસ્તિનાપુર વિધાનસભા ક્ષેત્રના ભૂતપૂર્વે ધારાસભ્ય યોગેશ વર્માએ આ અંગે કહ્યું કે, તેમને આ અંગેના સમાચાર મળતાં એસડીએમનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેમને ફોન ઉપાડ્યો ન હતો.

દેશના વિવિધ વિસ્તારો ખાસ કરીને પૂર્વોત્તરમાં શરૂ થયેલા પ્રતિમા તોડવાની ઘટનાઓથી પીએમ મોદી નારાજ થયા છે. પીએમ મોદીએ ગૃહપ્રધાન રાજનાથસિંહ સાથે વાત કરી નારાજગી વ્યકત કરી છે. ગૃહ મંત્રાલયે આવી ઘટનાઓ અંગે રાજયો માટે એડવાઈઝરી જારી કરી છે. જેમાં પ્રતિમા તોડવાની અને ખંડિત થતી અટકાવવા પગલા લેવા સૂચના અપાઈ છે. સાથે જ આવી ઘટનાને અંજામ આપનારા તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવા તાકીદ કરાઈ છે. મહત્વનુ છે કે ત્રિપુરામાં જીત બાદ ભાજપના કહેવાતા સમર્થકોએ લેનિનની પ્રતિમા પર બુલડોઝર ફેરવી દીધુ હતુ. આ ઘટનાના પ્રત્યાઘાત રૂપે બંગાળના કોલકાતામાં શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતીમાને પણ ખંડિત કરાઈ હતી.

તો આ તરફ કોલકત્તાના કાલીઘાટ વિસ્તારમાં ભારતીય જનસંઘના સંસ્થાપક શ્યામા પ્રસાદ મુખરજીની પ્રતિમાને ખંડિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બુધવારે સવારે બનેલી ઘટના બાદ રાજકારણ ગમાયુ છે. કેટલાક અજાણ્યા શખ્સોએ શ્યામા પ્રસાદ મુખરજીની પ્રતિમાને કાળી શાહી લગાવી હતી. જે બાદ આ શખ્સો ફરાર થઈ ગયા હતા. પોલીસે આ મામલે પાંચ લોકોની અટકાયત પણ કરી છે.

ભંગાણના આરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંત લાવવાની ટુંક સમયમાં જ જાહેરાત કરી શકે છે. આની શરૂઆત બે કેન્દ્રિય પ્રધાનોના રાજીનામા સાથે થનાર છે. ૧૦મી માર્ચના દિવસે કેન્દ્રિય પ્રધાનમંડળમાંથી બે પ્રધાનો રાજીનામુ આપી શકે છે. આગામી થોડાક દિવસમાં તેમના રાજીનામાની જાહેરાતની સાથે જ આ પ્રક્રિયા વધુ ઝડપથી આગળ વધી શકે છે. ભાજપના સુત્રોએ કહ્યુ છે કે પાર્ટી પણ અલગ થવા માટે તૈયાર છે. ભાજપના નેતાએ કહ્યુ છે કે આંધ્રપ્રદેશના વિકાસ માટે પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે તેમની આ પ્રકારની માંગ સ્વીકારી શકાય નહી. અમે પછાતપણાના આધારે ખાસ દરજ્જો આપી શકીએ નહી. કારણકે આ આધાર પર તો બિહારને સૌથી પહેલા આ દરજ્જો મળવો જોઈએ.

સૌથી અમીર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોની યાદીમાં બેજોસને સૌથી ઉપર રાખી ચુકવામાં આવ્યા છે. જેફ બેજોસ અબજો પતિની યાદીમાં પ્રથમ સ્થાન ઉપર છે. દુનિયાના ત્રણ સૌથી અમીર લોકોમાં ત્રણેય અમેરિકાના છે. આ યાદીમાં બિલ ગેટ્સ ૯૦ અબજ ડોલરની સંપત્તિ સાથે બીજા સ્થાને છે. જ્યારે વારેન બફેટ યાદીમાં ૮૪ અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા સ્થાને છે. ફ્રાન્સના બર્નાડ આર્નોલ્ટ યાદીમાં ચોથા સ્થાને છે. તેમની સંપત્તિ ૭૨ અબજ ડોલર આકવામાં આવી છે. ફેસબુકના વડા માર્ક ઝકરબર્ગની સંપત્તિ ૭૧ અબજ ડોલર નોંધાઈ છે અને તેઓ સૌથી અમીર લોકોની યાદીમાં વિશ્વમાં ૫ સ્થાને છે. સૌથી અમીર લોકોની યાદીમાં બીલ ગેટ્સ બીજા સ્થાને છે. બિલ ગેટ્સની સંપત્તિ ૯૦ અબજ ડોલર નોંધાઈ છે. અમેરિકાના અબજો પતિની યાદીમાં વધારો નોધાયો છે.

દુનિયાભરમાં ઈ કોર્મસ કારોબાર ઝડપથી ફેલાઈ રહ્યો છે. આનો સૌથી વધારે ફાયદો એમેઝોન અને જેક બેજોશને થયો છે. ફોર્બ્સ દ્વારા યાદી જાહેર કરવામાં આવ્યા બાદ આને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. એમેઝોનના સીઈઓ દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. જેફ બેજોસે સંપત્તિનો જે રેકોર્ડ બનાવ્યો છે તેનાથી તમામ લોકો ચોકી ગયા છે. તેમની સંપત્તિનો આંકડો ૧૦૦ અબજ ડોલરના આંકડાને પાર કરી ગયો છે. જેફ બેજોસની કુલ સંપત્તિની સરખામણી અમેરિકાના નાગરિકોની કુલ સંપત્તિ સાથે કરવામાં આવે તો તે આશરે ૨૩ લાખ લોકોની સંપત્તિ બરોબર છે. બેજોસે ફોર્બ્સની યાદીમાં પ્રથમ વખત પ્રથમ સ્થાન હાસિલ કરી લીધુ છે. માઈકોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ અને બર્કશિયર હૈથવેના સીઈઓ વારેન બફેટને પાછળ છોડીને તેઓએ નવો રેકોર્ડ સર્જયો છે. બેજોસની સંપત્તિ ગયા વર્ષે ૭૩ અબજ ડોલર હતી. એમેઝોનના શેરની કિમતમાં સતત વધારો થઈ રહ્યો છે. અમેરિકી અબજોપતિઓનું પ્રભુત્વ આ વખતે પણ જોવા મળ્યું છે.

કોર્ટમાં દાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્તિ ચિદમ્બરમને મોટો ફટકો પડી ચુક્યો છે. કારણ કે કોર્ટે તેમની કસ્ટડીને વધુ ત્રણ દિવસ માટે વધારી દીધી છે. દિલ્હીની પટિયાળા હાઉસ કોર્ટમાં કાર્તિના મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ગઈકાલે જ સુપ્રીમ કોર્ટમાં પણ કાર્તિના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાં સુપ્રીમ કોર્ટ તરફથી કોઈપણ રાહત કાર્તિને મળી નથી.

કાર્તિ ચિદમ્બરમ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે તેમની ધરપકડ કરવામાં આવ્યા બાદથી સીબીઆઈની કસ્ટડીમાં છે. પહેલી માર્ચના દિવસે ખાસ સીબીઆઈ કોર્ટના જજ સુનિલ રાણાએ પાંચ દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો હતો. કાર્તિ ચિદમ્બરમે ૧.૮ કરોડ રૂપિયા એક પ્રભાવશાળી રાજકીય હસ્તીના બેંક ખાતામાં જમા કર્યા હતા.

ટ્રેલરની ટક્કર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમાં એક તબક્કે વડાપ્રધાન મોદીનું નામ લીધા વિના તેમની પર ગંભીર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ત્રિપુરામાં લેનિનની મૂર્તિ તૂટે તો દુઃખ થાય છે પરંતુ જયારે ગૌરક્ષકોને ગુંડા કહેવામાં આવે છે તો દુઃખ થતું નથી. સંગઠનથી હટાવી શકયા